પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૯૨ | ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૨, ગુરૂવાર; ભાદરવા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મુંબઈ પોર્ટ પરથી ૧૭૨૫ કરોડનું હેરોઈન જપ્ત

**મુંબઈના ન્હાવા શેવા પોર્ટથી હેરોઈન જપ્ત કરાયું : દિલ્હી પોલીસે ૨૨ ટનનું એક કન્ટેનર જપ્ત કર્યું : પોલીસે ડ્રગ માફિયાઓના મોટા ખેલને નાકામ કર્યો, સવાલ ઉઠી રહ્યો છે કે, તમામ સુરક્ષા વચ્ચે ડ્રગ્સનો જથ્થો ભારતીય સીમામાં કેવી રીતે પ્રવેશ્યો ?**




મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈના ન્હાવા શેવા પોર્ટ પરથી હેરોઈનનો સૌથી મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે પોલીસે ૨૨ ટનનું એક કન્ટેનર જપ્ત કર્યું છે જેમાં મોટા પ્રમાણમાં હેરોઈન ભરીને લાવવામાં આવી રહી રહ્યું હતું. જપ્ત કરાયેલ હેરોઈનની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧,૭૨૫ કરોડ રૂપિયા છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે આ જાણકારી આપી છે. દિલ્હી પોલીસે ડ્રગ માફિયાઓના મોટા ખેલને નાકામ કરી દીધો છે. પોલીસને હેરોઈનનો મોટો જથ્થો ભારતમાં લાવવામાં આવી રહ્યો હોવાની ગુપ્ત સૂચના મળી હતી. ત્યારબાદ સ્પેશિયલ સેલની એક ટીમે નાવા શેવા પોર્ટ પરથી એક કન્ટેનર જપ્ત કર્યું હતું. જ્યારે તેની તપાસ કરવામાં આવી તો પોલીસના પણ હોંશ ઉડી ગયા હતા. ટીમે કન્ટેનરમાંથી લગભગ ૨૦ ટન હેરોઈન જપ્ત કર્યું છે. હવે પોલીસ સામે સૌથી મોટો સવાલ એ છે કે, ડ્રગ્સનો આટલો મોટો જથ્થો કોણે મંગાવ્યો હતો? તેની સાથે જ એ પણ સવાલ ઉઠી રહ્યો છે કે, તમામ પ્રકારની સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ડ્રગ્સનો જથ્થો ભારતીય સીમામાં કેવી રીતે પ્રવેશ્યો? શું કોઈ પણ સ્તરે

● અનુસંધાન પાન-૭ પર

# પટના અને દિલ્હીમાંથી ૩૩.૫ કરોડનું દાણચોરીનું સોનુ પકડાયું

**દાણચોરી અંગેના ઓપરેશન ગોલ્ડ રશ અંતર્ગત સફળતા : સોનાની આ ખેપનું વજન ૬૫.૪૬ કિગ્રા છે, દાણચોરીના સોનાના આ તમામ જથ્થાને જપ્ત કરી લેવામાં આવ્યો છે**



મુંબઈ, તા.૨૧

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સને સોનાની દાણચોરી અંગેના ઓપરેશન ગોલ્ડ રશ અંતર્ગત એક ભારે મોટી સફળતા સાંપડી છે. ડીઆરઆઈ (ડીઆરઆઈ)ની ટીમે મુંબઈ બાદ પટના અને દિલ્હીમાંથી દાણચોરીના સોનાની ભારે મોટી ખેપ ઝડપી પાડી છે. સોનાની આ ખેપનું કુલ વજન ૬૫.૪૬ કિગ્રા છે અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેની કિંમત આશરે ૩૩.૫ કરોડ રૂપિયા આંકવામાં આવી છે.

દાણચોરીના સોનાના આ તમામ જથ્થાને જપ્ત કરી લેવામાં આવ્યો છે જેમાં સોનાના ૩૯૪ નંગ બિસ્કિટનો સમાવેશ થાય છે.

ડીઆરઆઈના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે તેમને મંગળવારના રોજ આ ખેપ અંગેની સૂચના મળી હતી. વિદેશી સોનાની આ ખેપ ડોમેસ્ટિક કુરિયર કન્સાઈનમેન્ટ તરીકે આવી હતી. ત્યાર બાદ તાત્કાલિક તે સિન્ડિકેટનો પીછો કરીને

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ૪૦ માસમાં પહેલી વખત રોકડની અછત

**મોંઘવારી કાબૂમાં રાખવા લેવાયેલા નિર્ણયોના પગલે સમસ્યા : રિઝર્વ બેન્કને સિસ્ટમમાં ૨૧૮૦૦ કરોડ કેશ નાંખવા પડયા છે, મે ૨૦૧૯ પછી આવી સ્થિતિ પહેલી વખત સર્જાઈ**

નવી દિલ્હી, તા.૨૧

મોંઘવારીને કાબૂમાં રાખવા માટે લેવાયેલા નિર્ણયોના પગલે ૪૦ મહિનામાં પહેલી વખત દેશની બેન્કિંગ સિસ્ટમમાં રોકડની અછત જોવા મળી રહી છે. જેના પગલે રિઝર્વ બેન્કને સિસ્ટમમાં ૨૧૮૦૦ કરોડ રૂપિયા કેશ નાંખવા પડયા છે. મે ૨૦૧૯ પછી આવી સ્થિતિ પહેલી વખત સર્જાઈ છે.

૪ મેના રોજ રિઝર્વ બેંકે મોંઘવારી પર લગામ કસવા માટે કેશ રિઝર્વ રેશિયો એટલે કે સીઆરઆર ૫૦ બેઝીઝ પોઈન્ટ વધારવાનો નિર્ણય લીધો હતો.

આ નિર્ણય ૨૧ મેના રોજ લાગુ થયો હતોજેના પગલે બેંકિંગ સિસ્ટમમાં ફરતા ૯૦૦૦૦ કરોડ રૂપિયાની વધારાની કેશમાં કમી સર્જાઈ હતી.

મોંઘવારી વધવા પાછળનુ એક કારણ બજારમાં ફરી રહેલી વધારે પડતી રોકડ રકમને પણ માનવામાં આવે છે. જેના પગલે સીઆરઆર વધારીને ૪.૫૦ ટકા કરી દેવામાં આવ્યો હતો. જેનો મતલબ એ હતો કે, બેંકોએ કુલ જમા રકમની ૪.૫૦ ટકા રકમ રિઝર્વ બેંકમાં જમા કરાવવાની હતી.

# જાણીતા કોમેડિયન રાજુ શ્રીવાસ્તવનું દુ:ખદ નિધન

**રાજુ શ્રીવાસ્તવની આજે દિલ્હીમાં અંતિમ વિધિ થશે : પીએમ મોદી, રાજનાથ સિંહ, યોગી આદિત્યનાથ સહિત નેતાઓ અને ફિલ્મની હસ્તિઓએ શોક વ્યક્ત કર્યો**

મુંબઈ, તા.૨૧

પ્રખ્યાત કોમેડિયન રાજુ શ્રીવાસ્તવનું આજે અવસાન થઈ ગયું છે. તેમને ૧૦ ઓગષ્ટના રોજ



કાર્ડિયાક અરેસ્ટ બાદ એઈમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. રાજુ શ્રીવાસ્તવ ૫૮ વર્ષના હતા. તેઓ દિલ્હીના જીમમાં વર્કઆઉટ કરી રહ્યા હતા તે સમયે તેમને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો. પીએમ મોદી, રક્ષામંત્રી રાજનાથ સિંહ, યુપીના સીએમ યોગી આદિત્યનાથ, અખિલેશ યાદવ સહિત તમામ મોટા નેતાઓ અને ફિલ્મી જગતની હસ્તિઓએ રાજુ શ્રીવાસ્તવના અવસાન પર શોક વ્યક્ત કર્યો છે.

રાજુ શ્રીવાસ્તવની પત્ની, પુત્ર અને પુત્રી દિલ્હી એઈમ્સમાં પહોંચી ગયા છે. રાજુ શ્રીવાસ્તવનો અંતિમ સંસ્કાર કાલે દિલ્હીમાં કરવામાં આવશે.

રાજુ શ્રીવાસ્તવના સાળાએ જણાવ્યું કે, બુધવારે સવારે તેમનું બ્લડ પ્રેશર ઓછું થઈ ગયું હતું. ત્યારબાદ તેમને સીપીઆર આપવામાં આવ્યું હતું. પહેલા તેમણે રિસ્પોન્સ આપ્યો પરંતુ બાદમાં તેમનું અવસાન થઈ ગયું. બે-ત્રણ દિવસ બાદ તેમને વેન્ટિલેટર પરથી હટાવવાના હતા. તેમની દવાઓના ડોઝ પણ ઘટાડી દીધા હતા. દિલ્હીમાં તેમનો અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

રાજુ શ્રીવાસ્તવનો જન્મ ૨૫ ડિસેમ્બર ૧૯૬૩ના રોજ ઉત્તર પ્રદેશના કાનપુરમાં થયો હતો. બાળપણમાં તેમનું નામ સત્ય પ્રકાશ શ્રીવાસ્તવ હતું. રાજુને નાનપણથી જ મિમિક્રી અને કોમેડીનો ખૂબ શોખ હતો. રાજુને કોમેડી શો ધ ગ્રેટ ઈન્ડિયન લાફટર ચેલેન્જથી ઓળખ મળી હતી.

# દિલ્હીમાં પૂર ઝડપે આવતી ટ્રકે રાત્રે રોડ પર સૂતેલા ૬ને કચડી નાંખ્યા, ૪નાં મોત

**બે વ્યક્તિની તબિયત ગંભીર હોવાનું કહેવાઈ રહ્યું છે : અકસ્માત પછી ડ્રાઈવર ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. પોલીસની ટીમ હાલ મામલાની તપાસ કરી રહી છે, આ ઘટના રાતે ૨ વાગ્યાની છે**

નવી દિલ્હી,તા.૨૧

દેશની રાજધાની દિલ્હીના સીમાપુરી વિસ્તારમાં ગત રાતે એક ઝડપી આવી રહેલી ટ્રકે રોડ પર સૂતેલા પાંચ લોકોને કચડી નાંખ્યા હતા. આ પૈકીના ૪ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે બે વ્યક્તિની તબિયત ગંભીર હોવાનું કહેવાઈ રહ્યું છે. તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ઝડપી આવી રહેલ એક ટ્રકે રોડ પર સૂઈ રહેલા લોકોને કચડી નાંખ્યા હતા. આ પૈકીના ચાર લોકોનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે બેની હાલ સારવાર ચાલી રહી છે. ઘટનાની માહિતી મળતા જ પોલીસ દુર્ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતકોના શબને કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યા હતા. અકસ્માત પછી ડ્રાઈવર ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. પોલીસની ટીમ હાલ મામલાની તપાસ કરી રહી છે. આ ઘટના રાતે ૨ વાગ્યાની છે. દિલ્હી પોલીસે મૃતકોની ઓળખ કરી લીધી છે.

જે મુજબ આ દુર્ઘટનામાં ૫૨ વર્ષના કરીમ, ૨૫ વર્ષના છોટે ખાન, ૩૮ વર્ષના શાહ આલમ અને ૪૫ વર્ષના રાહુલનું મૃત્યુ થયું છે. જ્યારે ૧૬ વર્ષનો મનીષ અને ૩૦ વર્ષનો પ્રદીપ ઘાયલ છે. પોલીસે જણાવ્યું કે આ દુર્ઘટનામાં સામેલ ટ્રકની ભાળ મેળવવા માટે ઘણી બધી ટીમની રચના કરવામાં આવી છે અને યોગ્ય કલમો અંતર્ગત કેસ નોંધવામાં આવ્યો છે.



# પીએમ કેર ફંડના ટ્રસ્ટી તરીકે ઉદ્યોગપતિ રતન તાતા નિયુક્ત

**મોદીની અધ્યક્ષતામાં પીએમ કેરના ટ્રસ્ટી બોર્ડની બેઠક : સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ કેટી થોમસ અને લોકસભાના પૂર્વ ડેપ્યુટી સ્પીકર કરિયા મુંડાને પણ ટ્રસ્ટી બનાવાયા**



નવી દિલ્હી, તા.૨૧

ભારતના દિગ્ગજ ઉદ્યોગપતિ રતન ટાટાને પીએમ મોદીએ પીએમ કેર ફંડના ટ્રસ્ટી તરીકે નિયુક્ત કર્યા છે. સાથે સાથે સુપ્રીમ કોર્ટના પૂર્વ જસ્ટિસ કેટી થોમસ અને લોકસભાના પૂર્વ ડેપ્યુટી સ્પીકર કરિયા મુંડાને પણ પીએમ કેર ફંડના ટ્રસ્ટી બનાવાયા છે.

અહેવાલ અનુસાર દેશના બીજા કેટલાક જાણીતા વ્યક્તિઓને પણ એડવાઈઝર ગ્રુપમાં સ્થાન અપાયુ છે. જેમાં પૂર્વ સીએજી રાજીવ મહર્ષિ, ઈન્ફોસિસ ફાઉન્ડેશનના પૂર્વ ચેરમેન સુધા મૂર્તિ, પિરામલ ફાઉન્ડેશનના પૂર્વ સીઈઓ આનંદ શાહનો સમાવેશ થાય છે.

# કુરાનમાં માત્ર ઉલ્લેખથી હિજાબ ફરજિયાત ધાર્મિક પ્રથા નથી બની જતી : સુપ્રીમ કોર્ટ

**હિજાબ કેસ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી : જસ્ટિસ ગુપ્તાએ કહ્યું કે, તેઓ લાહોર હાઈકોર્ટના ભૂતપૂર્વ જજને ઓળખે છે જેમની બે દીકરી હિજાબ નથી પહેરતી**

નવી દિલ્હી, તા.૨૧

હિજાબ કેસ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ હેમંત ગુપ્તાની બેંચ સમક્ષ બુધવારે કર્ણાટક સરકાર વતી દલીલો રજૂ કરવામાં આવી હતી.

કર્ણાટકના એડવોકેટ જનરલ પ્રભુલિંગા નવદગીએ રાજ્ય સરકાર વતી જણાવ્યું હતું કે,કુરાનમાં માત્ર કોઈ વાતનો ઉલ્લેખ કરવાથી તે ફરજિયાત ધાર્મિક પ્રથા નથી બની જતી. હિજાબ ન પહેરવાથી મહિલા ઓછી મુસ્લિમ ન થઈ જાય.

નવદગીએ કહ્યું કે, ઘણી મુસ્લિમ મહિલાઓ અને બહેનો હિજાબ પહેરતી નથી. તુર્કી અને ફ્રાંસનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે,હિજાબ પર પ્રતિબંધ હોવા છતાં ત્યાં ઈસ્લામ ફૂલીફાલી રહ્યો છે.

સુનાવણી દરમિયાન જસ્ટિસ ગુપ્તાએ કહ્યું કે,તેઓ પાકિસ્તાનની લાહોર હાઈકોર્ટના ભૂતપૂર્વ જજને ઓળખે છે જેમની બે દીકરીઓ હિજાબ નથી પહેરતી.

આ સિવાય પંજાબમાં પણ મુસ્લિમોની સંખ્યા ઓછી છે, છતાં તેઓ ત્યાં એક એવા પરિવારને ઓળખે છે જે હિજાબ નથી પહેરતા.

કર્ણાટક સરકાર વતી એજીએ કહ્યું કે, જો કોર્ટ હિજાબને આવશ્યક ધાર્મિક પરંપરા તરીકે જાહેર કરે તો તે દરેક મુસ્લિમને લાગુ પડશે. આ માંગ માત્ર વ્યક્તિગત અધિકાર લાગુ કરવા માટે અન્ય પક્ષ વતી કરવામાં આવી હતી.

કર્ણાટક સરકાર તરફથી એડિશનલ સોલિસિટર જનરલ કેએમ નટરાજ પણ હાજર રહ્યા હતા.

તેમણે કહ્યું, હિજાબ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો તેવો હોબાળો તો બહુ થયો, હું એક વાત સ્પષ્ટ કરવા માંગુ છું. રાજ્ય સરકારે હિજાબ પર પ્રતિબંધ મૂક્યો નથી, તે ક્યારેય આ રીતે અસ્તિત્વમાં નથી. રાજ્યએ માત્ર ગણવેશ અમલમાં મૂક્યો છે જે ધર્મથી પરે હોવો જોઈએ.

નટરાજે કહ્યું, 'આજે કોઈ કહે છે કે મારે હિજાબ પહેરવો છે, કાલે કોઈ કહેશે કે હું શાલ કે ગમછા પહેરીશ... ધર્મનિરપેક્ષ સામાજિક સંસ્થાઓમાં આવું ધાર્મિક પ્રતીકવાદ શા માટે?'

